માત્ર વાતો જ કરી કશું થયું જ નથી..!

ઉત્તર ગુજરાતમાં પુરવઠા ગોડાઉન-રેશનીંગ દુકાનો સી.સી.ટીવીથી સજ્જ કરવાની નિર્ણય અધ્ધરતાલ

તાલુકા મથકોએ જી.પી.એસ. સીસ્ટમ લગાવવાની કામગીરી પણ ગુબ્બારો

બાયડ તા.૧૮

ઉત્તર ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુદ્દે વિવાદનું કેન્દ્ર રહેતાં પુરવઠા નિગમના ગોડાઉન તેમજ રેશનીંગની દુકાનોમાં પારદર્શક કામગીરી થાય તેવા આશયે રાજ્ય સરકાર સી.સી.ટીવી કેમેરાથી ગોડાઉનો તેમજ દુકાનોને સજ્જ કરવાનો નિર્ણય ૫ વર્ષ અગાઉ લીધો હતો પરંતુ હજુ સધી તેનો અમલ થયો નથી. માત્ર પોકડ વાતો જ કરી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

રાજ્ય સરકારના કેટલાક વિભાગોમાં આજના આધુનિક યુગમાં પણ કામગીરી રગસિયા ગાડાની માફક ચાલતી આવી છે. સરકારના ચોક્કસ વિભાગો હરહંમેશ ભ્રષ્ટાચાર અને ચોરીથી ખરડાતા પુરવઠા વિભાગમાં ધીરે ધીરે પરીવર્તનનો પવન ફુંકાયો છે. સરકારે સસ્તા અનાજનું કાળા બજાર રોકવા માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે જેમાં રેશનીંગની દુકાનોથી માંડી નિગમના ગોડાઉનો ઉપર સી.સી.ટીવી કેમેરા ગોઠવવાનો નિર્ણય કર્યો પરંતુ ક્યાંય અમલ દેખાતો નથી. સસ્તા અનાજની દુકાનોથી રેશનીંગનો જથ્થો બારોબાર ઓહીયા થઈ જાય છે કાર્ડધારકને અનાજ આપ્યું ન હોય તો પણ બોગસ સોફ્ટવેરના આધારે માલ આપી દીધાના રેકોર્ડ આપોઆપ બદલાઈ જાય છે. વર્ષ-૨૦૧૭-૧૮ના બજેટમાં રાજ્ય સરકારે પ્રથમ તબક્કે ભ્રષ્ટ્રાચાર ઓછો કરવા માટે પુરવઠા ગોડાઉન તેમજ રેશનીંગની દુકાનોમાં સીસીટીવીથી સજ્જ કરવાનો નિર્ણય કર્યો પરંતુ જિલ્લામાં અને ઉત્તર ગુજરામાં તેનો ક્યાંય સપૂર્ણ અમલ થયો હોય તેવું દેખાતું નથી.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પરોઢે વાદળો ગોરંભાતા ખેડુતોની ચિંતા વધી

ઘઉંનો પાક થયો તે સમયે કમોસમી માવઠાની વધુ એક દહેશત

બાયડ તા.૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શુક્રવાર પરોઢે આકાશમાં વાદળો ગોરંભાતા ખેડુતોની ચિંતા વધી છે. ઘઉં, રાયડો, ચણા સહિતનો પાક તૈયાર થયો છે અને આ સમયે કમોસમી માવઠું વરસે તો ખેડુતો પાયમાલ થઈ જવાની દહેશત ઉભી થઈ છે. જ્યારે વાદળો ગોરંભાયા પછી ઠંડીની તિવ્રતા ઘટી હતી.

નવા વર્ષનો આરંભ રોગચાળોનું અતિક્રમણ તેમજ કમોસમી માવઠાને લઈને ખેડુતો અને પ્રજા પરેશાન બની ગયા છે. કોરોના સંક્રમણમાં માંડ રહાત મળી ત્યાં કેટલાંક ખેતી પાકમાં મિશ્ર હવામાનના કારણે રોગચાળો વકરી રહ્યો છે અને હવે ઘઉં સહિતનો મોટાભાગનો રવીપાક તૈયાર થતાં કેટલાંક ખેડુતો લણણીની શરૂઆત કરવાની સાથે કેટલોક પાક લગ્નસરાના અવસર પૂરા થતાં લણણીની શરૂઆત થવાની છે.

આ વર્ષે ઠંડીની મેરોથોન ઈનિંગના કારણે રવીપાકના બમ્પર ઉત્પાદનની આશા બંધાઈ છે. પરંતુ જાન્યુઆરીમાં માવઠાના માર પછી ફેબ્રુઆરી મહિનામાં કમોસમી માવઠાની હવામાન વિભાગે આગાહી કરી હતી અને શુક્રવારે સવારથી જ આકાશમાં વાદળો ગોરંભાતા ઠંડીનું પ્રમાણ નહિવત્ થઈ ગયું અને ખેડૂતોની ચિંતામાં વધારો થયો. જિલ્લામાં ૪.૩૦ લાખ હેક્ટર જમીનમાં ખેતીપાક તૈયાર થઈને લહેરાઈ રહ્યો છે એવા સમયે કમોસમી માવઠું વરસે તો ખાસ કરીને ઘઉં પકવતાં ખેડુતોની દશા માઠી થાય તેવી સ્થિતિ ઉદભવી છે. કેટલાંક ખેડુતોએ ઘઉંનો પાક તૈયાર થયા પછી લણણીની તૈયારી શરૂ કરી છે પરંતુ જે ખેડુતો આગામી બે-ચાર દિવસમાં લણણી માટે તૈયારી કરી રહ્યા છે તે ખેડુતો કમોસમી માવઠું વરસે તો ઘઉંનો તૈયાર પાક ભીંજાઈ જાય અને પાયમાલ થવાનો વારો આવે તેવી દેહશતમાં સરી પડ્યા છે.

બટાટા ખરીદવા આવતા વેપારીઓ અદ્રશ્ય થતાં આશ્ચર્ય

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બટાટાની બમ્પર ઉપજ છતાં ખેડૂતો દેવાળીયા..!! : સરકાર દ્વારા પોષણક્ષમ ભાવે બટાટા ખરીદાય તેવી માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બટાટાની બમ્પર ઉપજથી ખેતર ઉભરાઈ રહ્યાં છે પરંતુ બટાટાના ભાવ તળીયે પહોંચી જતાં ખેડૂતો સારી પાક ઉપજ છતાં દેવાળીયા બની ગયા છે. બટાટા ખરીદવા આવતા વેપારીઓએ મોં ફેરવી લીધું હોય તેમ ક્યાંય દેખાતા નથી. સરકાર દ્વારા માત્ર રાજ્યની બહાર બટાટાનો વેપલો કરવો હોય તો ટ્રાન્સપોર્ટેશનમાં સબસીડી અપાય છે. જેથી ખેડૂતોને તે પરવડે તેમ નથી. રાજ્ય સરકારે બટાટા પકવતા ખેડૂતોને બચાવવા હોય તો પોષણક્ષમ ભાવે બટાટા ખરીદી શરૂ કરવી જોઈએ તેવી બાયડ-ધનસુરા-મોડાસાના ખેડૂતોએ માંગ કરી છે.

એક સમય હતો કે શાકભાજીના રાજા બટાટાની ઉપજ તૈયાર થાય એટલે વેપારીઓ ખેડૂતને શોધતા ગ્રામ્ય વિસ્તારોના ખેતરમાં પહોંચતા. પરંતુ સમયની થપાટે બધુ જ બદલાવી નાખ્યું છે. હવે તો ખેડૂતોને જીવાડવા માટે સરકારે મોટા આર્થિક પેકેજ જાહેર કરવા પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. આ વર્ષે પણ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હજારો એક જમીનમાં બટાટાની વિવિધ જાતો જેવી કે લોકર, બાદશાહ, ફુકરી સહિતના બટાટાની બમ્પર પાક ઉપજ થઈ છે. જ્યારે કેટલાક ખેડૂતોએ તો થોડું વધારે સાહસ કરી કરોડોના ખર્ચે કોલ્ડ સ્ટોરેજ પણ તૈયાર કરાવ્યા હતા. ગત વર્ષે થયેલી બમ્પર બટાટાની આવક હજુ પણ કોલ્ડ સ્ટોરેજોમાં સબડી રહી છે ત્યાં ઓણ સાલની બટાટાની પાક ઉપજ શરૂ થવા છતાં કેટલાક ખેડૂતોએ ગત વર્ષની કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલી બટાટાની ગુણીઓ ન ઉઠાવતાં કોલ્ડ સ્ટોરેજ માલિકોની હાલત કફોડી છે. પરંતુ હવે તો બટાટો તેની જાહો જલાલી ગુમાવતો હોય તેમ બટાટાના ભાવ સતત તૂટી રહ્યા છે. સરકાર દ્વારા અગાઉ શાકભાજી માટેનું ખેડૂત બજાર ઉભું કરવામાં આવ્યું પરંતુ તેમાં જાજો ફાયદો ન હોવાથી ખેડૂતોના શાકભાજી બજારનું બાળમરણ થઈ ગયું. ત્યારે સરકારે બટાટા પકવતા ખેડૂતોને બચાવી લેવા માટે પોષણક્ષમ ભાવે બટાટા ખરીદી કેન્દ્રો શરૂ કરવા રહ્યા. અન્યથા વધુ બટાટાનું ઉત્પાદન કરતા ખેડૂતો જ આત્મહત્યા કરી લે તેવી વિકટ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.

જિલ્લામાં સલામતીના નામે મીંડુ, ૬ હજારથી વધુ પરપ્રાંતિયોના ઉદ્યોગ ગૃહોમાં અડીંગા

જિલ્લામાં આઈ.એસ.આઈ.એસ.ના ઓપરેટરો સક્રીય નથી ને..?? પ્રજામાં દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ગુજરાતમાં ૫ વર્ષ અગાઉ આઈ.એસ.ના ૪૦ આતંકી સક્રિય હોવાનો આતંકી બંધુના ધડાકા પછી રાજ્યનું ગુપ્તચર તંત્ર અને સરકાર હરકતમાં આવી હતી. જેતે સમયે સ્લીપર સેલની સંખ્યા મોટી હોવાના ધડાકા પછી સાબરકાંઠા, અરવલ્લી પોલીસ સજાગ બની ગઈ છે છતાં જિલ્લામાં સલામતીના નામે મીંડુ જેવી સ્થિતિ છે. જિલ્લાના ઔદ્યોગિક ગૃહોમાં બિહાર, યુ.પી., પશ્ચિમબંગાળ અને કાશ્મીરના પરપ્રાંતિયો રોજગારી મેળવી રહ્યા છે છતાં સ્થાનિક એસ.ઓ.જી. પાસે તેમનો કોઈ રેકોર્ડ ન હોવાની ગંભીર વિગત બહાર આવી છે. ટૂંકમાં પાયાથી જ સુરક્ષામાં છીંડાં જોવા મળ્યાં છે. જે જિલ્લાને મોટી મુસીબતમાં મૂકી શકે છે. જિલ્લામાં આવેલા મદ્રેસાઓમાં પણ પરપ્રાંતિયોની અવર જવરની કોઈ નોંધ તંત્ર પાસે ન હોવાનું બહાર આવ્યું છે.

જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં છેલ્લા ઘણા સમયથી ૬૦૦૦ થી પણ વધુ પરપ્રાંતિયો વસવાટ કરી રહ્યા છે જેમાંના પરપ્રાંતમાં હત્યા, ચોરી, લૂંટ સહિતના ગુનાઓને અંજામ આપી છૂપાવવા માટે રોજગારીનો આશરો લઈ રહ્યાની વિગતો છતાં એસ.ઓ.જી. તેમજ સ્થાનિક સી.આઈ.ડી. તંત્ર ગુનેગારોને ઓળખવામાં થાપ ખાઈ રહ્યું છે. મોટાભાગના પરપ્રાંતિય વર્ષોથી સ્થાયી થયા હોવાથી કેટલાકે તો મતદાર ઓળખકાર્ડ તેમજ રેશનીંગ કાર્ડ પણ અંકે કરી લીધાં હોવાથી તેમની સામે કોઈ જ પગલાં ભરાય તેવી કોઈ પોલીસ પાસે સ્થિતિ જ નથી. જ્યારે માત્ર મોબાઈલ દુકાનો તેમજ હોટલ ગેસ્ટહાઉસમાં એસ.ઓ.જી.ને રજીસ્ટ્રર નિભાવ્યું છે કે કેમ..?? તેની તપાસમાં જાજો રસ રહેતો આવ્યો છે જેથી ઔદ્યોગિક ગૃહોમાં ચાલતી ભેદી હરકતોનો આજદિન સુધી કોઈ પર્દાફાશ થયો નથી. જિલ્લામાં કેટલાક પરપ્રાંતિયો તો ઔદ્યોગિક ગૃહોમાં અન્ય રાજ્યમાંથી આવતા વાહન ચાલકો પાસે માદક દ્રવ્યો મંગાવી વેચાણ કરતા હોવાના આક્ષેપ પણ સાંભળવા મળી રહ્યા છે. જ્યારે જિલ્લાના મદ્રેસાઓમાં પણ યુ.પી., બિહારના ઈસમોની અવર જવર પણ શંકાસ્પદ બની રહી છે. જિલ્લામાં અગાઉ પણ મોડાસા સહિતના વિસ્તારોમાં આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ કેટલીક સ્ફોટક વિગતો ગુપ્તચર વિભાગના ધ્યાને આવ્યા પછી સીમીના સભ્યોની પૂછપરછ થઈ હતી પરંતુ કોઈપણ કારણોસર આખીય તપાસ ઉપર પડદો પડી ગયો છે. મોડાસા બોમ્બ બ્લાસ્ટ તેમજ આતંકી સમર્થક મૌલાનાએ મોડાસામાં કટ્ટરવાદી જેહાદી ભાષણ આપ્યાની વિગતો પણ સપાટી ઉપર અગાઉ આવી ચૂકી છે છતાં પોલીસ તંત્ર કોઈ મોટા ધડાકાની રાહ જોતું હોય તેવી અસલામતી પ્રજા અનુભવી રહી છે. આ અગાઉ પણ અરવલ્લીના પાટનગરમાંથી અંધારી આલમનો ખાસ શાર્પશૂટર મોડાસામાં રહ્યા પછી એ.ટી.એસ.ના હાથે ઝડપાયો છે ત્યારે સ્થાનિક પોલીસ નહીં પરંતુ રાજ્યની ઈન્ટેલીજન્ટ એજન્સીઓએ જિલ્લામાં ચાલતી શંકાસ્પદ વ્યક્તિઓની અવર જવર તેમજ ભેદી પ્રવૃત્તિઓ ઉપર નજર ગોઠવવી જોઈએ તે જરૂરી બન્યું છે.

બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી

હિંમતનગરમાં પૈસા આપવાની ના પાડતાં તલવાર સાથે હૂમલો, વાહનને નુક્સાન પહોંચાડ્યું

હાથની આંગળી કપાઈ, બી-ડીવીઝન પોલીસે ગુનો નોંધ્યો

બાયડ, તા. ૧૮

હિંમતનગરના મહેતા પેટ્રોલ પંપ પાછળ પૈસા ઉછીના માગતાં આપવાની ના પાડતાં તલવાર સાથે હૂમલો કરી ઈજા પહોંચાડતાં તેમજ સામા પક્ષે ગડદાપાટુનો માર મારી બાઈકને નુક્સાન પહોંચાડવાનો મામલો હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશને પહોંચતાં પોલીસ દ્વારા સામસામે ક્રોસ ફરિયાદ લઈ તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગરના મહેતા પેટ્રોલ પંપ પાછળ આવેલા ગુરૂનાનકનગરમાં રહેતા રાજેન્દ્રસીંગ માયાસીંગ સરદાર પાસે ગતરોજ આરોપી ધનેસીંગ કપૂરસીંગ સરદારે પૈસા માંગતાં રાજેન્દ્રસીંગે પૈસા આપવાની ના પાડતાં આરોપી આવેશમાં આવી ગયો હતો અને તલવાર લઈ આવી અન્ય આરોપી મેરસીંગ કપૂરસીંગ સરદાર વગેરેએ ભેગા મળી રાજેન્દ્રસીંગને માર માર્યો હતો તેમજ છોડાવવા પડેલા અન્ય ઈસમને પણ ગડદાપાટુનો માર સહન કરવાનો વારો આવ્યો હતો. ધનેસીંગે તલવાર વિંઝતાં રાજેન્દ્રસીંગની જમણા હાથની આંગળી કપાઈ જતાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. બનાવ અંગે હરજીત કૌર રાજેન્દ્રસીંગ માયસીંગ સરદારની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે સામે પક્ષે પણ બિભત્સ ગાળી બોલી બાઈકને લાકડાના દંડાથી નુક્સાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ જીતકૌર ધનેસીંગ ટાંકે નોંધાવતાં પોલીસે આરોપી રાજેન્દ્રસીંગ માયસીંગ સરદાર, ભોલાસીંગ માયસીંગ સરદાર, અવતારસીંગ માયસીંગ સરદાર અને નાનકસીંગ માયસીંગ સરદાર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક શાળાઓના શિક્ષકોની બદલીના નિયમોમાં આમુલ ફેરફાર, ગુરૂદેવ પરીવારોમાં દિવાળી જેવી ખુશાલી

રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની લાંબા સમયની મહેનત રંગ લાવી, સરકારે બંને સંગઠનોને સાચવી લીધા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

રાજ્યમાં સૌથી મોટું કર્મચારી સંગઠન ધરાવતા રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની શિક્ષકોના બદલી નિયમો અંગેની લાંબા સમયથી ચાલતી લડતનો આખરે સુખદ અંત આવ્યો છે. રાજ્યની ભાજપ સરકારે પ્રાથમિક શાળાઓના વિદ્યાસહાયકો, શિક્ષકોના બદલી નિયમોમાં આમુલ ફેરફાર કરતાં હવે રાજ્યના હજારો શિક્ષકોને વતનની વાટનો લાભ મળશે. રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતિષભાઈ પટેલ અને તેમની સંગઠન ટીમની લાંબા સમયની મહેનત રંગ લાવી છે. જ્યારે રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ પણ બદલી અંગેના નિયમોમાં ફેરફાર માટે સરકારમાં રજુઆત કરેલી હોવાથી બદલીના નિયમોની જાહેરાત સમયે સરકારે બંને સંગઠનોને સાચવીને આગામી વિધાનસભા ચુંટણી અગાઉ શિક્ષકોને ખુશ કરી દીધાનું ચિત્ર ઉપસ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યની ભૂપેન્દ્ર પટેલની સરકારને સેલ્યુટ કરવાનું મન થઈ જાય તેવી પાછલા ચાર મહિનાની કામગીરી ઉપરથી દેખાઈ રહ્યું છે. નવી સરકારના મુખ્યમંત્રી અને તેમના મંત્રીઓ કેવું કામ કરશે તેવી ટીકા કરનારાંઓને એક પછી એક લેવાઈ રહેલા નિર્ણયથી જડબાતોડ જવાબ મળી રહ્યા છે. છેલ્લા દોઢ-બે દાયકાથી વિદ્યાસહાયકો, શિક્ષકોની બદલીના નિયમો અંગે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ સરકારના શિક્ષણ વિભાગ સાથે લડત આપતું આવ્યું હતું. પ્રાથમિક શિક્ષકોને મંજુર ન હોય તેવા સરકારે ઘડેલા નિયમોનો પ્રાથમિક શિક્ષક સંઘ મક્કમતાથી વિરોધ કરતું રહ્યું છે.

જ્યારે નવી સરકારનું ગઠન થયું ત્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોએ બદલીના નિયમોમાં ફેરફાર તેમજ ૧૦૦ ટકા ફેર બદલીનો લાભ સહિતની વિગતો અંગે સરકાર અને શિક્ષણમંત્રી સમક્ષ રજુઆત કર્યા પછી રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગના ઈતિહાસમાં તા.૧૭, ફેબ્રુઆરીનો દિવસ શિક્ષકો માટે ખુશીનો દિવસ બની ગયો. શિક્ષકોને પસંદ પડે તેવા બદલીના નિયમો ઉપર સરકારે સહમતી આપતાં તમામ ૩૩ જિલ્લાના પ્રા.શિક્ષકોમાં ખુશાલી છવાઈ હતી. જ્યારે લાંબા સમયથી લડત આપતા રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો ઉપર પણ અભિનંદન વર્ષા શરૂ થઈ છે.

બદલી નિયમોના ફેરફાર ઉપર ઉડતી નજર

- અત્યાર સુધી જેતે જિલ્લામાં ખાલી જગ્યાના ૪૦ ટકા શિક્ષકોને જિલ્લા ફેરબદલીનો લાભ અપાતો હતો. જે હવે ૧૦૦ ટકા જગ્યા ઉપર જિલ્લા ફેરબદલીનો લાભ અપાશે.
- જિલ્લા ફેર અરસ-પરસ અને જિલ્લા આંતરિક અરસ-પરસ બદલીમાં સબંધિત શિક્ષકોના વતન હોવા જરૂરી હતા તે જોગવાઈ દૂર કરવામાં આવી.
- ૧૦ વર્ષ એક જ જગ્યાએ નોકરી કરવાની શરતે જે શિક્ષકોને નિમણુંક આપવામાં આવી છે તેવા શિક્ષકો ૫ વર્ષ પછી પણ બદલી માટે અરજી કરી શકશે.
- જે સરકારી કર્મચારીઓ એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં બદલી પાત્ર છે તેવા કર્મચારીઓના પતિ કે પત્ની જો સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષક કે મુખ્ય શિક્ષક હોય તો તેઓને પ્રતિનિયુક્તિથી મુકી શકાશે.
- પતિ-પત્નીના કિસ્સાનો લાભ હવેથી અનુદાનિત સંસ્થાઓ, ગુજરાત સરકારના જાહેર સાહસો, કેન્દ્ર અને રાજ્ય સરકારની કંપનીઓના કિસ્સામાં પણ મળવાપાત્ર થશે.
- બદલીઓના કિસ્સામાં ફરીયાદ નિવારણ માટે ફરીયાદ નિવારણ સમિતિની રચના કરાઈ.

રાજ્ય સરકાર અને શિક્ષણમંત્રીનો આભાર - સતિષભાઈ પટેલ

રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગે શિક્ષકોના હિતમાં મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યના વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની બદલીના નિયમોમાં મુખ્યમંત્રી તેમજ શિક્ષણમંત્રીએ જે ઐતિહાસિક નિર્ણય લીધો છે તે બદલ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ રાજ્ય સરકાર અને શિક્ષણ મંત્રીનો આભાર માને છે તેમ રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ પટેલએ જણાવ્યું હતું તેમજ શિક્ષકોના અન્ય પડતર પ્રશ્નો બાબતે સરકાર અને વિભાગ સમક્ષ રજુઆતો ચાલુ રહેશે તેમ જણાવ્યું હતું.

અરવલ્લીના પાલનપુર ખાતે સાર્વજનિક લાયબ્રેરીનું મંત્રી પ્રદિપ પરમારના વરદ હસ્તે લોકાપર્ણ

દસગામ વણકર સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા મોડાસાના કુડોલ ખાતે મંત્રીનો સત્કાર સમારોહ યોજાયો

બાયડ તા.૧૮

જિલ્લાના મોડાસા તાલુકાના પાલનપુર ખાતે દસ ગામ વણકર સેવા ટ્રસ્ટ, દધાલીયા સંચાલિત સાર્વજનિક લાયબ્રેરી (સરકારી)નું લોકાપર્ણ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપભાઈ પરમારના વરદ હસ્તે અને અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીના અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

મોડાસાના કુડોલ ગામે મંત્રીશ્રીનો સત્કાર સમારંભ દસગામ વણકર સમાજ સેવા ટ્રસ્ટ, દધાલીયા સંચાલિત સાર્વજનિ તથા ટ્રસ્ટના હોદેદારો અને ગામજનો દ્વારા સત્કાર સમાંરભ યોજવામાં આવ્યો

મંત્રીશ્રી પ્રદીપભાઈ પરમાર દ્વારા જણાવામાં હતું કે, રાજયની આ સરકારને ૧૨૧ દિવસથી વધારે સમય થવા આવ્યો છે ત્યારે ગુજરાતના દરેક જિલ્લામાં વિકાસના કામ કરી રહી છે જેમાં વ્યક્તિલક્ષી અને સામુદાયિક અનેક યોજનાઓનું સરળીકરણ કર્યુ છે, જેમાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને મહત્તમ લાભ મળી શકે તે માટે આંબેડકર આવાસ યોજના,કુંવરબાઈનું મામેરું, વિદેશ અભ્યાસ માટે આપવામાં આવતી સહાયમાં ફેરફાર કર્યા છે જેના કારણે પડતી મુશ્કેલીઓનો અંત આવ્યો છે. આ ઉપરાંત રાજ્ય સરકારે નાની-મોટી સહાય લેતા હોય તેમાં એફિડેવિટ કરાવવું પડતું હતું જેમાંથી મુક્તિ આપીને ગુજરાતને એફિડેવિટ મુકત રાજ્ય કરવામાં આવ્યો હતો.

પ્રાસગિક પ્રવચનમાં જિલ્લા અગ્રણી શ્રી રાજેન્દ્રભાઈ પટેલે સરકારે કરેલા વિવિધ વિકાસના કામોની રૂપરેખા આપી લોકોને વધુમાં વધુ યોજનાકીય લાભો લેવા માટે અનુરોધ કર્યો

બનાવાયું છે. વિધાર્થીઓના અભ્યાસમાં કોઇ વિક્ષેપ ન સર્જાય તે માટે ફિશીપ અંતર્ગત હ્રઈઝ લાગુ કરવામાં આવી જેના કારણે ખાનગી યુનિવર્સીટીમાં હવે પછી વિદ્યાર્થીઓને નાણાકીય તકલીફ ના પડે તેવું સુચારૂ આયોજન કરાયું હોવાનું મંત્રી શ્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

વધુમાં મંત્રીશ્રીએ સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિવિધ યોજનાની જાણકારી આપી અને તેનો લાભ લેવા માટે અનુરોધ હતો. સાર્વજનિક લાયબ્રેરીના વધુ વિકાસ અર્થે દાતાઓ દ્વારા દાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસગે સાબરકાંઠા જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી મહેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, સમાજ કલ્યાણ અધિકારીશ્રી, ટ્રસ્ટના પ્રમુખશ્રી નાનજીભાઈ વણકર મંત્રી શ્રી ખેમાભાઈ વણકર, હોદેદારો, ટ્રસ્ટીગણ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.